# શ્રી શક્તિસિંહ ગોહિલનું કાર્યાલય

રાષ્ટ્રીય પ્રવક્તા, એ.આઈ.સી.સી અને ધારાસભ્ય, અબડાસા

http://www.shaktisinhgohil.com

**અખબારી યાદી** **તા. ૨૨.03.૨૦૧૭**

- જો સરકારી શાળાઓમાં સારું શિક્ષણ મળે છે તો પછી ભાજપના મંત્રીઓ તેમના બાળકોને ખાનગી શાળામાં શા માટે ભણાવે છે?
- વિધાસહાયકોની ભરતીમાં ખૂબ જ મોટા ગોટાળા, અનિયમિતતા અને ભ્રષ્ટાચાર.
- મેરીટ્સ વગરના વિદ્યાસહાયકોએ ભ્રષ્ટાચારથી નોકરી મેળવી.
- શિક્ષણ વિભાગની તપાસ સમિતિએ જ સાબિત કરેલ છે કે અનેક ખોટા પ્રમાણપત્રો અને ખોટી માર્કશીટો બનાવીને નોકરીઓ મેળવી લેવામાં આવી છે.
- શિક્ષકને સરકાર શિક્ષણનું કામ કરવા દેવાના બદલે શૌચાલય ગણવા મોકલી તેમનું અપમાન કરે છે.
- કર્મચારીઓના ભાગલા પાડો અને રાજ કરો તે સરકારની નીતિ છે.
- ફીક્સ પગારના ૨૦૦૬ પહેલાંના કર્મચારીને લાભથી શા માટે વંચિત રખાયા ?
- શિક્ષકોની ભરતીની જેટલી જગ્યા ભરવાની જાહેરાત આપવામાં આવે તેટલી ભરવી જોઈએ. નોકરીમાં હોય તે જ પસંદગીનો જિલ્લો મેળવે તેને નવી નોકરી ન કહેવાય.
- ગુજરાતના તેજસ્વી બાળકોને ભણાવનાર શિક્ષકો, પ્રોફેસરો અને પ્રિન્સિપાલની અસંખ્ય જગ્યાઓ ગુજરાતમાં ખાલી છે.
- જ્યાં મહાત્મા ગાંધીજી ભણ્યા હતા તે ભાવનગરની કોલેજ વર્ષોથી પ્રિન્સિપાલ વગરની.
- સ્ત્રી કેળવણી મંડળ સંચાલિત એસએનડીટીની ભાવનગરની કોલેજની વિદ્યાર્થીનીઓને વિદ્યાસહાયક માટે યોગ્ય ન ગણવાનો સરકારનો નિર્ણય અન્યાયકર્તા.
- લખપતની સરકારી કોલેજ કોઈપણ સુવિધા કે પ્રાધ્યાપકો વગરની.
- એમ.એસ. યુનિવર્સિટીની એમ.ઈ. ઈલેકટ્રોનિક્સની શાખા એ એમ.ઈ. સમકક્ષ જ ગણવી જોઈએ.
- કચ્છ જિલ્લાના લખપત, અબડાસા, નખત્રાણાના થોડા વિસ્તારને પાણી અને ઘાસ તાત્કાલિક પૂરું પાડવું જોઈએ.

---

શ્રી **<#M**/શક્તિસિંહજી હ. ગોહિલ/**M#>**(અબડાસા) : માનનીય અધ્યક્ષશ્રી, શિક્ષણ વિભાગની માગણીઓ ઉપર હું મારી પ્રથમ વાત કરીશ

**आहार,निन्द्रा,भय,मैथुन्य च सामान्य मेतत पशुभि निर्भयाणमः ,**

**ज्ञान ही तेशो अधिको विशेष : ज्ञान हीना पशु समान :**

આપણે ત્યાં કહેવાયું છે કે આહાર, નિંદ્રા, ભય અને મૈથુન્ય એ તો જેનામાં જીવ છે એ બધા જ કરે. જ્ઞાન છે એ વિશેષ રીતે મનુષ્યને મળ્યું છે. કુદરતની દેન છે પરંતુ જો જ્ઞાન પ્રાપ્ત ન કરી શકાય તો દેખાવે મનુષ્ય લાગતો હોય એ પણ પશુ સમાન છે. જ્ઞાન કોણ આપે? જ્ઞાન આપવાનું કાંમ એ શિક્ષકનું છે, સરકારના શિક્ષણ વિભાગનું છે. અહીં જનરેશન, જેમ જનરેશન આવે છે એમાં મોર્ડન મેડિકલ સાયન્સ પણ કહે છે કે આજની જનરેશન, નવી પેઢી, નવા બાળકો એ બુદ્ધિમત્તામાં વધારે તેજસ્વી છે પરંતુ એનું ઘડતર કરનાર શિક્ષકોની જગ્યાઓ જ  ખાલી છે. પ્રિન્સીપાલ હોય, ડેમોસ્ટ્રેટર હોય, પ્રોફેસર હોય, આસીસ્ટન પ્રોફેસર હોય , વિદ્યા સહાયક હોય કેટલી જગ્યાઓ આપની ખાલી રહે છે અને જગ્યાનું ભરતીનું કેલેન્ડર કે આપ જગ્યા બહાર પાડો છો, પહેલો જિલ્લો મળ્યો છે એનું મેરિટસ ઉંચું છે. મને વાંધો નથી એ જિલ્લાની પસંદગી માટે બીજી વખત કોશિશ કરે અને એમને આપ આપો પણ એ જે ભરતીમાં આવે ત્યારે એને નવી ભરતી આપ નહીં કહી શકો કેમકે એ તો ઓલરેડી શિક્ષણમાં કામ કરતો હતો. પસંદગીના જિલ્લાને કારણે એ બીજે ગયો છે તો જેટલી જગ્યાની જાહેરાત બહાર પડે એ જગ્યા ભરાવી જોઇએ. નીતિ અંગ્રેજોની હતી ડીવાઇડ એન્ડ રૂલ, આપણી સરકારની લોકશાહીમાં ન હોઇ શકે. આપ ૨૦૦૬ પછીના એક ફીકસ પગારવાળાને અને ૨૦૦૬ પહેલાના ફીકસ પગારવાળાને એકને ગોળ અને એકને ખોળ આ નીતિ બરાબર નથી. જો લાભ આપીએ તો આપણે બધાને એકસરખું ધોરણ કરવું પડશે. મારા મત વિસ્તારના લખપત તાલુકામાં સરકારી કોલેજની માંગ હતી મારી. પછાત વિસ્તાર આપે જાહેરાત કરી બજેટમાં મને આનંદ થશે આપ એ જાહેરાત કરશો કે ત્યાં કેટલું ઇન્ફ્રાસ્ટ્રકચર આપ્યું.

UNEDITED VERSION - NOT FOR PUBLICATION

(૨) કેટલા પ્રોફેસરો આપ્યા છે અને કેટલી વ્યવસ્થા ત્યાં આપી છે? સાહેબ, કૉલેજ માટેનું કોઇ ઇન્ફ્રાસ્ટ્રકચર ત્યાં ઊભું નથી થઇ શક્યું. ભાવનગરની સાયન્સ કૉલેજમાંથી મેં બી.એસ.સી. કર્યું. જ્યાં એ કૉલેજની બિલ્ડિંગમાં બોર્ડ લગાવેલું છે કે મહાત્મા ગાંધી મોહનચંદ કરમચંદ આ કૉલેજમાં ભણ્યા હતા એ બોર્ડ લાગેલ છે. કેટલાય સમયથી આપે ત્યાં પ્રિન્સિપાલની નિમણૂક કરી નથી. કોનો અહંકાર હતો એ? સાહેબ, આપે ઇન્ટર્વ્યૂ લીધા. ઇન્ટર્વ્યૂમાં પી.એચ.ડી. થયેલો સારો યુવાન એ પ્રિન્સિપાલ તરીકે સિલેક્ટ થયો. આપે કહ્યું કે આમાં ભ્રષ્ટાચાર થયો હોય એમ કરીને નિમણૂક રોકી દીધી. લોકાયુક્તમાં ફરિયાદ થઇ. લોકાયુક્તે ક્લિનચીટ આપી કે પ્રિન્સિપાલની નિમણૂકમાં કોઇ ભ્રષ્ટાચાર નથી. આ ક્લિનચીટ લોકાયુક્તે આપ્યા પછી ભાવનગરની સર પી.પી. ઇન્સ્ટિટ્યૂટ ઓફ સાયન્સ કૉલેજના પ્રિન્સિપાલની નિમણૂક શા માટે નથી કરતા? આપના ઇન્ટર્વ્યૂ પૂરા છે, મેરીટ ઉપર આવેલ છે, લોકાયુક્તની ક્લિનચીટ છે. એ પ્રિન્સિપાલની તાત્કાલિક આપે નિમણૂક કરવી જોઇએ. શિક્ષક છે એને શિક્ષણનું કામ કરવા દો. શૌચાલય ગણવાનું કામ એ શિક્ષકનું નથી. આ બીજા નાનાં મોટાં કામ એ શિક્ષકનાં નથી. એને જે કામ માટે રાખ્યાં છે, એ જ કામ એમની પાસેથી લેવું જોઇએ. ભાવનગરની સ્ત્રી કેળવણી મંડળ સંચાલિત કૉલેજ છે. એસ.એન.ડી.ટી. યુનિવર્સિટી સાથે જોડાયેલ છે. માનનીય મંત્રીશ્રી શિક્ષણના ઘણા સીધા જોડાણ ભાવનગર સાથે છે. ભાવનગર જિલ્લાના કદાચ એને ઋણી ગણીએ તો ઋણી ગણાય, કારણ કે ત્યાંની દીકરી મળ્યા પછી ભૂપેન્દ્રસિંહજીની પ્રગતિ થઇ છે. એમને હું કહીશ કે એમને પૂછજો કે ભાવનગરની એસ.એન.ડી.ટી. મહિલા કૉલેજ એટલે ભાવનગરનું નાક અને ગૌરવ છે. હવે એ કૉલેજમાંથી ભણેલા છે. એસ.એન.ડી.ટી. જેવી યુનિવર્સિટી સાથે સંલગ્ન છે અને વિદ્યા સહાયક માટે જાય તો એની દીકરીને ના પાડે કે એસ.એન.ડી.ટી.નું સર્ટીફિકેટ અમારા વિદ્યા સહાયકમાં ના ચાલે. તને નોકરીએ ન રાખીએ. આ કઇ પ્રકારની સરકારની નીતિ છે? એ મને સમજાતું નથી. હવે જે મુદા તરફ હું આ વિધાનસભા ગૃહનું ધ્યાન દોરવા માગું છું તે અતિશય ગંભીર છે. આ પક્ષે બેઠા હોઇએ કે આ પક્ષે બેઠા હોઇએ. હું આક્ષેપ નથી કરતો. મારી કોઇ રાજકીય વાત નથી. મારા હાથમાં આ જ સરકારના ૩ અધિકારીઓની બનેલી તપાસ સમિતિનો અહેવાલ છે.

અધ્યક્ષશ્રી : આટલું કહ્યા પછી બાપુ તમારે બોલવાનું ઓછું રાખવું પડશે. ભાવનગરનું કહ્યા પછી.

શ્રી શકિતસિંહજી હ. ગોહિલ : હા જી. એટલે હું તપાસ અહેવાલ કહું છું. સીધો આક્ષેપ નથી કરતો. તપાસ અહેવાલ પછી હું અપેક્ષા રાખું છું. માનનીય અધ્યક્ષશ્રી આપે કહ્યું તે પ્રમાણે ભાવનગરના જમાઇ મંત્રીશ્રી પાસેથી આમાં કડકમાં કડક કામ લો. વિદ્યાર્થી ઇન્ટર્વ્યૂ દેવા જાય ત્યારે મહેનત કરીને, મહેનતકશ યુવાન છે એને હૈયે ધરપત હોવી જોઇએ કે મારી લાયકાત કુદાવીને કોઇ અવળા માર્ગે નિમણૂક નહિ લઇ જાય એની એને ધરપત હોવી જોઇએ. પરંતુ આ સરકારમાં કેવું ચાલે છે, એના દાખલા આપવા માગું છું. મારા હાથમાં આ ૩ સરકારના અધિકારીશ્રીઓનો અહેવાલ છે. અહેવાલમાં કહ્યું છે કે જે ભરતી વિદ્યા સહાયકની કરવામાં આવી એમાં કેવા ગોટાળા કરવામાં આવ્યા હતા. એક રિપોર્ટનો અહેવાલ જ વાંચું છું. કૉપી પણ આપને મોકલી આપીશ. સુશ્રી

UNEDITED VERSION - NOT FOR PUBLICATION

(3) પારૂલબેન. એમના મેળવેલ ગુણ હતા ૧૧૮૭. માર્કશીટમાં ચેડાં કરીને કરી નાખ્યાં ૧૨૭૨. અને એ ચેડાવાળી માર્કશીટના આધારે એને નોકરી મળી. શ્રી ગિરીશભાઇ માર્ક હતા ૧૩૩૯. ઝેરોક્સ કે.સી.માં છેડછાડ કરીને ૧૩૯૨ કરી નાખ્યા. અને એમને વિદ્યાસહાયકની નોકરી મળી ગઇ. આપની તપાસ સમિતિનો અહેવાલ કહે છે કે વિદ્યાસહાયકોની ફોટોકોપીની નકલ ખોટી હોવાનું સાબિત થયેલ છે. પેલો સાચો માણસ હતો એને કેટલો મોટો અન્યાય થયો. આટલાથી અટકતું નથી આવા થોકબંધ છે. આ સમિતિ કહે છે કે જી.સી.આર.ટી.સી. કેમ્પ ગાંધીનગર ખાતે રાખેલો. અહીયા પ્રમાણપત્રો ચેક કરવાની જવાબદારી અધિકારીની હતી. એની સૂચના અપાઇ હતી. પરંતુ અધિકૃત અધિકારી દ્વારા ચકાસણી જ કરવામાં આવેલ નહિ હોવાનું જણાઇ આવેલ છે. આપે શું કર્યું એ અધિકારીનું? હું આગળ કહીશ. કુલ ૧૩૬ વિદ્યાસહાયકો. આ તો એક જિલ્લાનો દાખલો છે. સાહેબ, તપાસ કરજો મને આવનારે કહ્યું છે કે ખોટી રીતે અમારે ત્યાં દાખલ થવા માટે માર્ક વગર વિદ્યા સહાયક બનવા માટે ૫ થી લઇને ૧૧ લાખ રૂપિયા સુધીના અમે ચુકવેલા છે.

UNEDITD VERSION - NOT FOR PUBLICATION

(4) શ્રી શક્તિસિંહજી ગોહિલ (ક્રમશઃ) કોઇ અધિકારી એમને એમ ખોટું કરતો હતો આ? ૧૩૬ એક જિલ્લાના છે. આપ આખા રાજયનો એક વર્ષનો હિસાબ લગાવો. આપને જવાબમાં તક મળશે. આપ કહેજો.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, તેમણે સાબિતી આપવી પડશે.

શ્રી શક્તિસિંહજી હ. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, હું જવાબદારીપૂર્વક અને સાબિતી સાથે કહું છું. આપની સમિતિના અહેવાલ સાથે કહું છું.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, જે લેવડ દેવડની વાત કરી તેની આપવી પડશે.

શ્રી શક્તિસિંહજી હ. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, તેની પણ વાત કરીશ. તેની સમિતિમાં જ લખ્યું છે. હું આપીશ. ૧૩૬ વિદ્યાસહાયકોને સ્પોર્ટસના પ્રમાણપત્રોના આધારે નિમણૂક મળેલી, અપંગના પ્રમાણપત્રોના આધારે નિમણૂક મળેલી, સી.પી.એડ.ના આધારે નિમણૂક મળેલી, એ.ટી.ડી અને સંગીતની લાયકાતના આધારે. આની સમિતિ તપાસ કરે. સમિતિના તપાસ અહેવાલમાં છે કે નિવેદનમાં સ્પોર્ટસ પ્રમાણપત્રના આધારે લાભ નહીં લીધો હોવાનું જણાય તેઓની નિમણૂક હાલમાં જણાવેલા મેરીટ અને કચેરીના કોમ્પ્યુટર ડેટામાં સ્પોર્ટસના ગુણમાં નિમણૂક આપવામાં આવેલી. તે નિમણૂક પત્રમાં સ્પોર્ટસની સાથે જે ગુણાંકન ગણવામાં આવેલ છે અને જે ઉલ્લેખ કરવામાં આવેલ છે આમાં ચોખ્ખો વિરોધાભાસ છે અને નિમણૂકો ગેરકાયદેસર આપવામાં આવેલ છે. આ હું નથી કહેતો. આપના ત્રણ અધિકારી કહે છે. કોમ્પ્યુટરમાં જે વિગતો સેવ કરવામાં આવેલી હોય તે જ વિગતો આધારિત વિવરણ રજૂ કરેલ છે. રજૂ કરવામાં આવેલ ૨૫૭ ઉમેદવાર સિવાયના વધારાના ૬૪ ઉમેદવારનું રેકર્ડ બાળી નાંખવામાં આવે છે. તે બાળનાર માણસ છે તે સિનિયર કલાર્ક છે. જેની સામે આપે કોઇ પગલાં આજસુધી ન લીધા પરંતુ તેને ઇન્ચાર્જ ટી.ડી.ઓ. બનાવીને આપે એક તાલુકાની અંદર આજે બેસાડી રાખ્યા છે. આ પ્રકારની નીતિ છે. માનનીય મંત્રીશ્રી સમિતિએ જે કહ્યું છે કે, સમિતિના તારણ મુજબ આ સ્પોર્ટસના પ્રમાણપત્રો નોકરી મેળવવા ખાતર બોગસ પ્રમાણપત્રો રજૂ કરેલા હોવાનું જણાઇ આવે છે. આ સમિતિનો રિપોર્ટ છે, મારો આક્ષેપ નથી. માનનીય મંત્રીશ્રી કહે છે કે પૈસાની લેતીદેતી થઇ હોય તેવું તમે શેના આધારે કહો છો? વાત સાચી છે તેમની કે મારી પાસે કોઇ આધાર વગર મારે બોલાય નહીં. મારે પુરાવા આપવા પડે. એટલા માટે મારા પુરાવારૂપે આ સમિતિના અહેવાલની છેલ્લી બે પંક્તિ. તે કહે છે કે આવું ગોટાળા એમને એમ ન થાય. હું તો વિરોધપક્ષનો ધારાસભ્ય છું. આ સમિતિનું તારણ છે. ગેરલાભ મેળવવા માટે એક પક્ષે આતુરતા અને બીજા પક્ષે સત્તાનો દૂરુપયોગ આ મિશ્રણનું પરિણામ ચોકકસ પ્રકારે ગેરરીતિ અને ભ્રષ્ટાચારને પ્રેરનારું છે. આથી મોટો પુરાવો શક્તિસિંહ કયાંથી લાવી શકે?

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, આ અનુમાન છે. અનુમાન છે.

UNEDITED VERSION - NOT FOR PUBLICATION

(5) શ્રી શકિતસિંહજી હ. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, આ સમિતિ કહે છે હું નથી કહેતો.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, ભ્રષ્ટાચાર થયો છે તેવું અનુમાન છે.

અધ્યક્ષશ્રી :આવી કોઇ સમિતિ બનેલી છે કે કેમ? વિષય એટલે આવ્યો છે. આવી સમિતિ બનેલી છે?

શ્રી શકિતસિંહજી હ. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી હું એ અપેક્ષા રાખું છું કે આપના ત્રણ અધિકારીઓની સમિતિ કહે ત્યારે આપણે કોઇ જાતના અને માનનીય ભુપેન્દ્રસિંહજી છે ત્યારે સમિતિનો આટલો અહેવાલ વાંચ્યા પછી એવી અપેક્ષા રાખું કે તેઓ કહે કે વિદ્યાસહાયકોની ભરતીના સંદર્ભની તપાસ હું સી.બી.આઇ.ને સોંપું છું અથવા સીટીંગ જજ મારફત આખા ગુજરાતમાં તપાસ થાય. દૂધનું દૂધ અને પાણીનું પાણી થઇ જાય. કોઇ જાતની ચિંતા નો સવાલ ન રહે. માનનીય મંત્રીશ્રી કહેતા હતા કે શિક્ષણનું સ્તર, અમે ગુણાંકન કરીએ, અમે સુધારીએ. મારા હાથમાં ૯ મે ૨૦૧૧નો એક આપનો પરિપત્ર છે. આમાં આપે સરકારી શાળાના સંદર્ભમાં કહ્યું છે કે, ધોરણ ૬ થી ૮ ને ઉચ્ચ પ્રાથમિક શાળા એમ બે વિભાગમાં વહેંચવામાં આવે છે. રાજયમાં કુલ ૧૩૪૫૦ પ્રાથમિક શાળાઓમાં વિદ્યાર્થીઓ ઘટીને ૧૦૦ કરતાં નીચા થઇ ગયા છે માટે આ ૧૩૪૫૦ શાળાઓ બીજામાં મર્જ કરીએ છીએ. ૧૩૪૫૦ સરકારી પ્રાથમિક શાળાઓ આપની બંધ થઇ છે. ખાનગી શાળાઓ વધતી ગઇ. મૂલ્યાંકન કરવા માટે આપની કેળવણી નિરીક્ષણ કાફી છે. કેળવણી નિરીક્ષકની જગ્યાઓ હતી, શા માટે આપ કેળવણી નિરીક્ષક ભરતા નથી?

UNEDITD VERSION - NOT FOR PUBLICATION

શ્રી શક્તિસિંહજી હ. ગોહિલ : (ક્રમશઃ)

એ કેળવણીનું નિરીક્ષણ કરે ગુણોત્સવ કરવાની જરૂર નહીં. હું સરકારી શાળામાં ભણ્યો છું, અહીં બેઠેલા મોટા ભાગના માનનીય મંત્રીશ્રીઓ કોંગ્રેસના શાસનની સરકારી શાળામાં ભણ્યા હશે, આજે એમના દીકરાઓ છે એ સરકારી શાળામાં નથી ભણતા. ભણે સરકારી શાળામાં આપનું તો શિક્ષણનું સ્તર ખૂબ સારુ થઇ ગયું છેને તો પછી એને ઝેવિયર્સમાં શા માટે ભણવા માટે મૂકવા પડે? આપને પ્રાઇવેટમાં શા માટે મોકલવા પડે? મોકલોને સરકારી શાળામાં, તમે ભણ્યા હતા એમ એય ભણે અને સરકારી શાળાનું શિક્ષણ લે. સવાલ એ છે કે, સરકારી શાળાઓમાં શિક્ષણ સદંતર ખાડે ગયું છે. મને કહેતા દુઃખ થાય છે કે, જે જગ્યાએ ૧ થી ૭ ધોરણ સુધીની પ્રાથમિક શાળાઓ હોય એવા મારા કચ્છના તાલુકાઓ આપણે ભૂપેન્દ્રસિંહજી સાથે જઇને જોઇએ અને ત્યાં ભણાવનારો શિક્ષક કાગળ ઉપર કદાચ બે કે ત્રણ હશે પણ ૧ થી ૭ ધોરણ સુધીમાં હાજર શિક્ષક માત્ર એક અને ક્યારેક એક પણ ન હોય એવી સ્થિતિમાં એ બાળક ભણશે ક્યાંથી, એના પાસેથી આપણે શું અપેક્ષા રાખીશું? મારે માનનીય મંત્રીશ્રીનું એક અન્ય બાબત તરફ ધ્યાન દોરવું છે કે, આપની જે એમ.એસ. યુનિવર્સિટી છે એમાં એમ.ઇ. ઇલેક્ટ્રોનિક્સમાં ૪ બ્રાન્ચો છે જે સક્ષમ બ્રાન્ચો છે, એના અભ્યાસ ક્રમો સરખા છે અને છતાં જી.પી.એસ.સી.ના આસિસ્ટન્ટ પ્રોફેસરના ડીગ્રી એન્જિનિયરીંગની જાહેરાતમાં એમના સામે પ્રશ્નાર્થ ઉભો કરવામાં આવે છે, હું આપને વિસ્તૃત વિગત મોકલી આપીશ.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી, અછત રાહતની માગણીઓ પણ લઇને આવ્યા છે ત્યારે મારા મત વિસ્તારમાં વારંવાર અછતનો સામનો કરવો પડે છે. ગયા વખતે થોડાક છાંટા વધારે પડ્યા પરંતુ એનાથી પૂરતું ઘાસ થયું નથી એ અબડાસા તાલુકો, લખપત તાલુકો, નાની બન્ની, પાર્ટ ઓફ નગત્રાણા અને મોટી બન્ની આ કચ્છનો એ વિસ્તાર છે જે પશુધન આધારીત છે અને એ વિસ્તારમાં તાત્કાલીક અર્ધ અછત જાહેર કરવામાં આવે, ઢોરવાડા શરૂ થાય, કેટલ કેમ્પ શરૂ થાય અને પીવાના પાણી માટે નર્મદાનું પાણી વચ્ચે ચોરાઇ છે, ક્યાં ચોરાઇ છે એ આપ તપાસ કરશો તો ખબર પડશે, પરંતુ આ અછતગ્રસ્ત વિસ્તારમાં પૂરા ટેન્કર, આજે ટેન્કરની મુશ્કેલી છે અને સ્થાનિક સોર્સ નથી, કચ્છી માડુ તો એવો છે કે, સ્થાનિક સોર્સ હોય તો કોઇ ફરિયાદ પણ ન કરે અને દૂર જઇને પણ પાણી મેળવી લે પણ સ્થાનિક સોર્સ નથી એવા સમયમાં એ વિસ્તારમાં પૂરતી સુવિધા થાય એ શબ્દો સાથે આ માગણીઓ લઇને માનનીય મંત્રીશ્રી આવ્યા છે એમાં આટલી વાત કહીને હું મારી વાત પૂરી કરું છું.

UNEDITED VERSION - NOT FOR PUBLICATION

ફાઈલ

ખેડા જિલ્લામાં વિદ્યાસહાયકોની
ભરતીમાં થયેલ અનિયમિતતા
બાબતની તપાસ સમિતિ
નડિયાદ. તા. ૧૯/૧/૨૦૧૩

પ્રતિ,
અગ્ર સચિવશ્રી,
શિક્ષણ વિભાગ,
ગુ.રા., ગાંધીનગર.

વિષય :- તપાસ અહેવાલ રજૂ કરવા અંગે.
વિદ્યાસહાયક ભરતી ૨૦૦૮ – ખેડા જિલ્લો

સવિનય જણાવવાનું કે શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક : પીઆરઈ/૧૧૧૨/૧૩૨૯ તા. ૧૯/૧૧/૨૦૧૧ થી ખેડા જિલ્લામાં વિદ્યાસહાયક ભરતી ૨૦૦૮ માં થયેલ ગેરરીતિઓ સંદર્ભે તપાસ સમિતિ નિમવામાં આવેલ. તે અન્વયે ખેડા જિલ્લા પંચાયત, નડિયાદ શિક્ષણ શાખામાં ઉપલબ્ધ ભરતી અંગેના દફતરની ચકાસણી અને સંબંધિત વિદ્યાસહાયકોની રૂબરૂ સુનાવણી પણ કરી તેઓના નિવેદનો લઈ તેની જરૂરી તપાસ કરી અહેવાલ આ સાથે રજુ કરવામાં આવેલ છે. તો આ અંગે આગળની ઘટિત કાર્યવાહી કરવા વિનંતી.

| | | |
|---|---|---|
| (સહી) | (સહી) | (સહી)<br>(વાય.પી.રાવલ) |
| જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી,<br>ખેડા જિલ્લા પંચાયત, નડીઆદ | નાયબ નિયામક, પ્રાથમિક<br>શિક્ષણ નિયામકશ્રીની કચેરી,<br>ગાંધીનગર | ઉપસચિવશ્રી, પ્રાથમિક શિક્ષણ,<br>શિક્ષણ વિભાગ,<br>ગાંધીનગર |

- ૧ -

## તપાસ સમિતિનો રિપોર્ટ

શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક : પીઆરઈ/૧૧૧૨/૧૩૨૯–ક તા.૧૯–૧૧–૨૦૧૨ થી ખેડા જિલ્લામાં વિદ્યાસહાયકોની ભરતીમાં થયેલ અનિયમિતતા બાબતે સમિતિની રચના કરવામાં આવેલ જેના સભ્યો આ મુજબ છે.

(૧) શ્રી વાય. પી. રાવલ, ઉપસચિવશ્રી, પ્રાથમિક શિક્ષણ, શિક્ષણ વિભાગ

(૨) શ્રી આર. વી. રંગપરીયા, નાયબ નિયામક, પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીની કચેરી, ગાંધીનગર.

(૩) શ્રી કે. એ. પોટા, જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી, ખેડા, નડીઆદ

(૪) શ્રી એચ. વી. ભટ્ટ, નિવૃત્ત નાયબ નિયામક, પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીની કચેરી, ગાંધીનગર (શ્રી ભટ્ટે સમિતિને સહાય કરવાની રહેશે.)

આ સમિતિની પ્રથમ બેઠક નડીઆદ મુકામે તારીખ ૨૧–૧૧–૨૦૧૨ના રોજ મળેલ. સમિતિ ધ્વારા વિદ્યાસહાયક ભરતી–૨૦૦૮ના દફતરની જરૂરી ચકાસણી કરવામાં આવી હતી. દફતર તપાસતાં નીચેની બાબતો ધ્યાનમાં આવેલ છે.

૧. ભરતી અંગેની મૂળ નોંધ ફાઈલ – પત્રવ્યવહાર સાથેની અને પસંદગી સમિતિ ધ્વારા તૈયાર કરેલ ફાઈનલ મેરીટ યાદી પ્રાથમિક રીતે તપાસેલ હતી. આ મેરીટ યાદી ૨૫૭ વિદ્યાસહાયકોની ભરતી સંબંધિત મળેલ મંજૂરી મુજબ તૈયાર કર્યાનું જણાઈ આવેલ હતું.(પરિશિષ્ટ–૧)

૨. મેરીટ યાદીના ૨૫૭ ઉમેદવારો સિવાયના વધારાના ૬૪ ઉમેદવારોની (પરિશિષ્ટ ૧–અ) નિમણૂંક સંબંધી દફતર અને વિગતો રજૂ કરવાનું જણાવતાં આવા ઉમેદવારોની નિમણૂંક અંગેનું કોઈ દફતર કે ફાઈલ તેમજ તેઓના અસલ પ્રમાણપત્રો/ માર્કશીટો ઉપલબ્ધ ન હોવાનું સંબંધિત દફતર સંભાળતા કર્મચારી શ્રી એમ. જે. ઠક્કર, સિનીયર કલાર્ક તેમજ અગાઉ ફરજ બજાવતા કર્મચારીશ્રીઓ શ્રી વી.બી.વાઘેલા સિનીયર કલાર્ક અને શ્રી આર.એમ.પટેલ,સિનીયર કલાર્ક (હાલ નિવૃત્ત) (પરિશિષ્ટ ૨–અ,બ,ક) એ જણાવેલ હતું. નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીની કચેરી, ગાંધીનગરની સૂચના અનુસાર ઉમેદવારે અરજી કરતી વખતે

પ્રમાણપત્રોની ઝેરોક્ષ નકલ જોડવાની હતી પરંતુ પસંદગી પામે ત્યારે નિમણૂંક સમયે – એચ.એસ.સી, પી.ટી.સી, સ્પોર્ટસ, જ્ઞાતિ તેમજ અન્ય પ્રમાણપત્રો અસલમાં જિલ્લા શિક્ષણ સમિતિમાં જમા કરાવવાના રહેતા હતા અને તે અંગેની પહોંચ અત્રેથી આપવામાં આવતી હતી. તેથી ભરતી કામગીરી થયેલ તે સમયે ફરજ બજાવતા સિનીયર કલાર્ક શ્રી આર. એ. સોલંકીનું નિવેદન લેતાં (પરિશિષ્ટ ૨) તેઓએ ૨૫૭ સિવાયની વધારાની ભરેલ જગ્યાઓ તા. ૨૧/૧૨/૨૦૦૯ ની ભરતી પહેલાં એટલે કે ત્યારપછીની જાહેરાત પહેલાં રાજીનામાં, અવસાન, સ્વૈચ્છિક નિવૃત્તિને લીધે ખાલી પડેલ જગાઓ સામે ભરવામાં આવેલ હોવાનું અને આ નિમણૂંક માટે નોંધ ફાઈલ ચલાવવામાં આવેલ ન હોવાનું જણાવેલ છે. આ અંગે નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીની કચેરી, ગાંધીનગરના તા. ૧૯/૨/૨૦૦૮ના પત્રક્રમાંક : પ્રાશિનિ/ક/૦૮/૯૮૯–૧૦૩૯ (પરિશિષ્ટ ૩ અ)થી ભરતીની પ્રક્રિયા માટે ધ્યાનમાં રાખવાની જરૂરી સૂચનાઓ આપવામાં આવેલ હતી પરંતુ તેનો અમલ થયેલ જણાયેલ નથી.

૩. મેરીટ યાદી સિવાય વધારાની ૬૪ નિમણૂંકો અંગેનું દફતર તેમજ અસલ પ્રમાણપત્રો ઉપલબ્ધ ન થતાં સમિતિ ધ્વારા સંબંધિત કર્મચારીઓને કચેરીમાં નિરીક્ષણ/ખાતરી કરી લેવા જણાવેલ અને તે માટે તા. ૨૬/૧૧/૨૦૧૨ ના રોજ દફતર રજૂ કરવા જણાવેલ હતું. તેમજ મેરીટ યાદી અને તે સિવાયની વધારાની નિમણૂંકો અંગેની વધુ ખરાઈ કરવા માટે ખેડા જિલ્લાના ૧૦ કેળવણી નિરીક્ષકશ્રીઓને તા. ૨૬/૧૧/૨૦૧૨ ના રોજ સમિતિ સમક્ષ ડભાણ (નડિયાદ) મુકામે ૨૦૦૮/૦૯ માં નિમણૂંક પામેલ વિદ્યાસહાયકોની વિગતો લઈ રૂબરૂ બોલાવવા સૂચના આપેલ હતી.

૪. સમિતિની તા. ૨૬/૧૧/૨૦૧૨ ના રોજ મળેલ બેઠકમાં નીચે મુજબની બાબતો ધ્યાને આવેલ છે.

(૧) મેરીટ યાદી સિવાયના ૬૪ ઉમેદવારોની નિમણૂંક અંગેનું દફતર શોધીને રજૂ કરવા જણાવેલ પરંતુ આ દિવસે સમિતિ સમક્ષ રજૂ થયેલ નથી. તેથી આ નિમણૂંકો શંકાસ્પદ જણાઈ આવેલ છે. (પરિશિષ્ટ ૧અ)

(૨) મેરીટ યાદી ૨૫૭ પૈકી પસંદગી યાદી તૈયાર થયા બાદ વિદ્યાસહાયકની ભરતી માટેની બીજી જાહેરાત પડી એટલે કે તા. ૨૧/૧૨/૨૦૦૯ સુધીમાં ૧૧ વિદ્યાસહાયકોના રાજીનામા / અન્ય કારણસર નોકરી છોડી જવાના કારણે તેમજ તા. ૨૧/૧૨/૨૦૦૯ બાદ ૨ (બે) વિદ્યાસહાયકો (પરિશિષ્ટ ૩) નોકરી છોડી જવાના કારણે હાલ કુલ ૨૪૪ વિદ્યાસહાયકો ફરજ બજાવે છે, તેઓના અરજીપત્રક તેમજ પ્રમાણપત્ર/ માર્કશીટ જોતાં મેરીટ ગણવામાં વિસંગતતા જોવા મળેલ છે. જે નીચે મુજબ છે.

| અ. નં. | વિદ્યાસહાયકનું નામ | કેટેગરી | અસલ માર્કશીટના ગુણ | | ફોટોકોપીના ગુણ | |
|---|---|---|---|---|---|---|
| | | | કુલ ગુણ | મેળવેલ ગુણ | કુલ ગુણ | મેળવેલ ગુણ |
| ૧ | સુશ્રી પારૂલબેન કે. પટેલ | પી.ટી.સી. | ૧૫૦૦ | ૧૧૮૭ | ૧૫૦૦ | ૧૨૭૨ |
| ૨ | શ્રી ગિરીશકુમાર કે. પંચાલ | સી.પી.એડ | ૧૬૫૦ | ૧૩૩૯ | ૧૬૫૦ | ૧૩૯૨ |

ઉપર મુજબ શંકાસ્પદ માર્કશીટ જણાતાં રાજ્ય પરીક્ષા બોર્ડ, ગાંધીનગર દ્વારા માર્કશીટોની ચકાસણી કરાવી લેવાની જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, ખેડા જિલ્લા પંચાયત, નડિયાદને સૂચના આપેલ હતી. જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, નડિયાદ દ્વારા તે મુજબ માર્કશીટો ચકાસણી કરાવતાં સચિવશ્રી, રાજ્ય પરીક્ષા બોર્ડ, ગાંધીનગરના પત્રક્રમાંક : રાપબો/રિકર્ડ શાખા/૨૦૧૨/૪૩૭૫ તા. ૧૦/૧૨/૨૦૧૨ થી ઉપર જણાવેલ બંને વિદ્યાસહાયકોની ફોટોકોપીની નકલ ખોટી હોવાનું સાબિત થયેલ હોઈ બંને શિક્ષકોને તા. ૩૧/૧૨/૨૦૧૨ ના હુકમ ક્રમાંક : શિક્ષણ/ ભરતી/ તપાસ/ વશી/ ૩૧૮૦–૮૧ થી નોકરીમાંથી છુટા કરવામાં આવેલ છે.

(૩) મેરીટ યાદી પૈકીના ૧૧ રાજીનામાં (પરિશિષ્ટ ૩) ને કારણે ખાલી પડેલ જગાઓ ઉપર પ્રતિક્ષા યાદીના ઉમેદવારોની નિમણૂંક શિક્ષણ વિભાગના તા. ૧૮/૯/૨૦૦૭ ના ઠરાવ ક્રમાંક : પીઆરઈ/૧૦૯૬/૩૦૫૦/ક (પરિશિષ્ટ ૪) મુજબ આપવાની થાય પરંતુ નિયમ મુજબ પ્રતિક્ષા યાદી બનાવવામાં આવેલ હોવા અંગે કોઈ દફતર ઉપલબ્ધ થયેલ નથી.

(૪) મેરીટ યાદીના ૨૫૭ પૈકી ૫૧ ઉમેદવારો સ્પોર્ટસના પ્રમાણપત્રોને આધારે નિમણૂંક આપેલ હતી(પરિશિષ્ટ ૫). તેમજ મેરીટ યાદી સિવાયના ૬૪ ઉમેદવારો પૈકી ૫૧ ઉમેદવારોને (પરિશિષ્ટ ૬) સ્પોર્ટસના પ્રમાણપત્રોને આધારે નિમણૂંક આપેલ હોવાનું આ વિદ્યાસહાયકો પાસેથી મેળવેલ નિમણૂંક હુકમની નકલ અને અત્રેની કચેરીના કોમ્પ્યુટર ડેટાના આધારે જણાઈ આવેલ છે. જેથી આવા સ્પોર્ટસ પ્રમાણપત્રોની ચકાસણી કરવા નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીની કચેરી, ગાંધીનગરના તા. ૨૧/૫/૨૦૦૮ ના પત્રક્રમાંક : પ્રાશિનિ/ક/ વિ.સ.ભ./ ૦૮/ ૪૨૮૦ – ૪૩૨૫ અને નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીની કચેરી, ગાંધીનગરના તા. ૨૨/૫/૨૦૦૮ ના પત્રક્રમાંક : પ્રાશિનિ/ક/૦૮/૪૩૨૫–૬૫ (પરિશિષ્ટ ૭ અને ૮) થી જરૂરી સૂચના આપવામાં આવેલ હતી અને જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી અથવા તેમના પ્રતિનિધિએ જી.સી.ઈ.આર.ટી. કેમ્પસ, ગાંધીનગર ખાતે રાખેલ કેમ્પમાં આ પ્રમાણપત્રોની ચકાસણી કરાવવાની રહેતી હતી પરંતુ સૂચના મુજબ અધિકૃત અધિકારી ધ્વારા ચકાસણી કરવામાં આવેલ નહી હોવાનું જણાઈ આવેલ છે.

૫. વિદ્યાસહાયક ભરતી ૨૦૦૮ માં મેરીટ યાદી સિવાયની વધારાની ભરતી અંગેની તપાસ દરમ્યાન જુદીજુદી અનિયમિતતાઓ ધ્યાનમાં આવતાં સમિતિએ વચગાળાનો અહેવાલ તા. ૨૯/૧૧/૨૦૧૨ ના પત્રથી આપેલ હતો અને સમિતિની મુદત તા. ૩૧/૧૨/૨૦૧૨ સુધી લંબાવવા રજુઆત કરેલ હતી. (પરિશિષ્ટ ૯)

૬. શિક્ષણ વિભાગના તા. ૫/૧૨/૨૦૧૨ ના ઠરાવથી તપાસ સમિતિની મુદત તા. ૩૧/૧૨/૨૦૧૨ સુધી લંબાવવામાં આવેલ હતી. આ દરમ્યાન વિધાનસભાની ચૂંટણીની કામગીરીમાં કર્મચારીઓ/ પ્રાથમિક શિક્ષકો/ વિદ્યાસહાયકો સંકળાયેલા હોઈ તા. ૧૧,૧૨,૧૩ ડિસેમ્બર ૨૦૧૨ ના રોજ મેરીટ યાદી પૈકીના ૭૨ અને મેરીટ યાદી સિવાયના ૬૪ મળી કુલ ૧૩૬ વિદ્યાસહાયકોને – સ્પોર્ટસ પ્રમાણપત્રના આધારે નિમણૂંક પામેલ, અપંગ પ્રમાણપત્રવાળા, સી.પી.એડ, એ.ટી.ડી અને સંગીતની લાયકાતની કેટેગરીવાળા વિદ્યાસહાયક સહિત (પરિશિષ્ટ ૧૦) તેઓની લાયકાતની કેટેગરીના જરૂરી રેકર્ડ, પુરાવા રજૂ કરવા જિલ્લા

-૪-

પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, ખેડા જિલ્લા પંચાયત, નડિયાદના પત્રક્રમાંક : શિક્ષણ/ ભરતી/ વશી/ તા. ૩૦/૧૧/૨૦૧૨ ના પત્રથી (પરિશિષ્ટ ૧૧) સમિતિ સમક્ષ રૂબરૂ બોલાવવામાં આવ્યા હતાં.

૭. વિદ્યાસહાયકની નિમણૂંક આપેલા ઉમેદવારોમાં મેરીટ યાદી પૈકીના ૫૧ વિદ્યાસહાયકો (પરિશિષ્ટ ૫) અને મેરીટ યાદી સિવાયની વધારાની નિમણૂંકની યાદી પૈકીના ૫૧ વિદ્યાસહાયકો (પરિશિષ્ટ ૬) મળી કુલ ૧૦૨ વિદ્યાસહાયકો જેઓ સ્પોર્ટસના પ્રમાણપત્ર આધારે ભરતી થયેલ છે તેવા વિદ્યાસહાયકોને તેઓની નિમણૂંક અંગે બચાવની પૂરતી અને વ્યાજબી તક મળે તે માટે કુદરતી ન્યાયના સિધ્ધાંતને અનુસરીને જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીની કચેરીના પત્ર ક્રમાંક : શિક્ષણ/ ભરતી/ વશી/ ૨૦૧૨/ ૨૦૨૦ થી ૨૧૨૨ તા. ૧૪/૧૨/૨૦૧૨ થી (પરિશિષ્ટ ૧૨) જરૂરી પુરાવા અને વિગતો રજૂ કરવા કારણદર્શક નોટીસ આપી તેઓને તા. ૨૬ અને ૨૭ ડિસેમ્બર ૨૦૧૨ ના રોજ સમિતિ સમક્ષ રૂબરૂ બોલાવેલ હતા. તા. ૨૬/૧૨/૨૦૧૨ અને તા. ૨૭/૧૨/૨૦૧૨ ના રોજ ડભાણ (નડિયાદ) મુકામે મળેલ તપાસ સમિતિની બેઠકમાં શ્રી આર.વી. રંગપરીયા સભ્ય, તપાસ સમિતિ અને નાયબ શિક્ષણ નિયામકશ્રી, ગાંધીનગર ખાતે રોકાણ કરવાનું હોઈ હાજર રહેલ નહોતા. તા. ૧૧,૧૨,૧૩ ડિસેમ્બર ૨૦૧૨ અને તા. ૨૬,૨૭ ડિસેમ્બર ૨૦૧૨ ના રોજ રજૂ થયેલ વિગતો અને આધાર, પુરાવા જોતાં મેરીટ યાદી પૈકીના ૫૧ અને મેરીટ યાદી સિવાયના ૬૪ મળી કુલ ૧૧૫ વિદ્યાસહાયકના નિમણૂંક અંગેના વ્યકિતગત તારણ આપેલ છે. (પરિશિષ્ટ ૧૩)

(૧) પ્રથમ તબક્કે ૨૫૭ ની મેરીટ યાદી પૈકીના ૯ વિદ્યાસહાયકોએ (પરિશિષ્ટ ૧૪) સ્પોર્ટસમાં ભાગ લીધા બદલના પુરાવા રજુ કરેલ છે. સ્પોર્ટસ પ્રમાણપત્રોની અધિકૃત અધિકારી ધ્વારા ચકાસણી કરાવતાં પ્રમાણિત કરવામાં આવે તો માન્ય રાખવા યોગ્ય જણાય છે.

(૨) મેરીટ યાદી સિવાયના ૭ વિદ્યાસહાયકો (પરિશિષ્ટ ૧૫) જેઓએ તેમના નિવેદનમાં સ્પોર્ટસ પ્રમાણપત્રના આધારે લાભ નહી લીધેલ હોવાનું જણાવેલ છે. તેઓના નિમણૂંક હુકમમાં જણાવેલ મેરીટ અને કચેરીના કમ્પ્યુટર ડેટામાં સ્પોર્ટસના ગુણ ઉમેરીને નિમણૂંક આપવામાં આવેલ અને તેઓના નિમણૂંક પત્રમાં સ્પોર્ટસની સાથે જે ગુણાંકન

ગણવામાં આવે છે તેનો જ ઉલ્લેખ કરવામાં આવેલ છે.આમ, નિમણૂંક હુકમ અને કર્મચારીના નિવેદનમાં વિરોધાભાસ ઉભો થતો હોઈ નિમણૂંકો શંકાસ્પદ જણાઈ આવે છે

(૩) મેરીટ યાદી (પરિશિષ્ટ ૧) પૈકીના ૭ વિદ્યાસહાયકોએ (પરિશિષ્ટ ૧૬) અપંગ કેટેગરીમાં સ્પોર્ટસ સર્ટીફીકેટનો લાભ લીધેલ હોવાનું જણાયેલ છે. તેઓએ સ્પોર્ટસ અંગેના પ્રમાણપત્ર સ્વરૂપમાં કારણદર્શક નોટીસ અને ચેકલીસ્ટના મુદ્દાઓ સંદર્ભમાં કમિટિને આધારો જોઈને સંતોષ થાય તે રીતના પુરાવા રજુ કરેલ નથી. આ ઉમેદવારો મેરીટ યાદીમાં દર્શાવેલ સ્પોર્ટસ પ્રમાણપત્રના આધારે નિમણૂંક પામેલ ૫૧ ઉમેદવારો પૈકીના છે.

(૪) સમિતિ ધ્વારા જે વિગતો રજુ કરવામાં આવેલ છે તે વિગતો જિલ્લા શિક્ષણ સમિતિ અને શિક્ષણ વિભાગ પાસે જિલ્લા શિક્ષણ સમિતિની ફાઈલોમાં ઉપલબ્ધ હોઈ તેના આધારે રજુ કરેલ છે. કોમ્પ્યુટરમાં જે વિગતો SAVE કરવામાં આવેલ હોઈ તે જ વિગતો આધારીત વિવરણ રજુ કરેલ છે. અહેવાલ રજુ કરવા અર્થે કોઈપણ રેકર્ડનો ઉદભવ કરી વિગતો રજુ કરવામાં આવેલ નથી પરંતુ ૨૫૭ ઉમેદવાર સિવાયના વધારાના ૬૪ ઉમેદવારોનું રેકર્ડ ઉપલબ્ધ નહી હોવાથી જિલ્લા પંચાયત ધ્વારા અગાઉથી જ આ ૬૪ વિદ્યાસહાયકો પાસેથી નિમણૂંકના હુકમની નકલ, માર્કશીટ અને પ્રમાણપત્રો મંગાવવામાં આવેલ. સ્પોર્ટસ પ્રમાણપત્ર આધારીત કારણદર્શક નોટીસના મુદ્દાઓ અને ચેક લીસ્ટના મુદ્દાઓ આધારીત વ્યકિતગત વિગતો જે કાઢવામાં આવેલ છે તે પત્રક સ્વરૂપમાં આ સાથે સામેલ છે. (પરિશિષ્ટ ૧૩)

સમિતિ સમક્ષ જે રેકર્ડ રજુ કરવામાં આવેલ અને જે ઉપલબ્ધ છે તેના આધારે સામેલ યાદી મુજબના વિદ્યાસહાયકોની નિમણૂંક શંકાસ્પદ ગણવાની રહે.

૮. તપાસ સમિતિને જે કામગીરી સોંપવામાં આવેલ તેની ચકાસણીની શરૂઆતમાં સ્પોર્ટસના પ્રમાણપત્રોની ખરાઈ કરવા કયા પ્રમાણપત્રો ધ્યાને લેવા અને કયા પ્રમાણપત્રો ધ્યાને ન લેવા તે અંગેના નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીની કચેરી, ગાંધીનગરના તા. ૨૧/૭/૨૦૦૮ ના પત્રક્રમાંક : પ્રાશિનિ/ ક/ વિ.સ.ભ./ ૦૮/ ૫૫૮૭ –૫૬૩૦ ( પરિશિષ્ટ

૧૭) થી પત્રના ચેકલીસ્ટના ભાગ–૧ માં કુલ ૧ થી ૬ મુદા ધ્યાને લેવાના રહેતાં હતા અને ભાગ–૨ માં કુલ ૧ થી ૨૮ મુદા ધ્યાને લેવાના રહેતા હતા. પરંતુ તેમ કરવાને બદલે જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી નડિયાદની કચેરીના તા. ૩/૧૨/૨૦૦૮ ના પત્રથી (પરિશિષ્ટ ૧૮) ગુજરાત સ્ટેટ કબડ્ડી એસોસિયેશન, મુ. ખારેલ, જિ. નવસારીને તેમણે આપેલ પ્રમાણપત્રોની ખરાઈ કરવા જાણ કરેલ હતી.

પસંદગી યાદી પરના ઉમેદવારોની નિમણૂંકમાં પણ ગેરરીતિ હોવાનું જણાતાં સમિતિના તા. ૨૯/૧૧/૨૦૧૨ ના અહેવાલથી નીચેની બાબતો માન. અગ્રસચિવશ્રી (શિ.) ને ધ્યાને લાવવામાં આવેલ હતી.

(૧) રમત ગમતના સર્ટી. ની ખરાઈ થયેલ નથી.

(૨) રજૂ થયેલ રેકર્ડમાં મેરીટ ગણવામાં તફાવત જણાયેલ છે.

(૩) વિદ્યાસહાયકની આપેલ મંજૂરી કરતાં વધુ વિદ્યાસહાયકોને નિમણૂંક આપેલ છે. વધુમાં, એ બાબતનો પણ ઉલ્લેખ કરેલ છે કે તા. ૨૧/૧૧/૨૦૧૨ અને તા. ૨૬/૧૧/૨૦૧૨ ના રોજ સમિતિની બેઠક સમયે વધારાના નિમણૂંક પામેલ વિદ્યાસહાયકોની ભરતી/ પસંદગી/ નિમણૂંક અંગેનું કોઈ રેકર્ડ રજૂ થયેલ નથી.

નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીની કચેરી, ગાંધીનગરના તા. ૨૧/૫/૨૦૦૮, ૨૨/૫/૨૦૦૮ (પરિશિષ્ટ ૭ અને ૮) અને તા. ૧૧/૬/૨૦૦૮ના પત્રથી (પરિશિષ્ટ ૧૯) રમત ગમતના પ્રમાણપત્રોની ચકાસણી કરવા બાબતે જરૂરી સૂચના આપવામાં આવેલ. પસંદગી યાદીના ૨૫૭ અને વધારાની નિમણૂંક પામેલ ૬૪ ઉમેદવારો પૈકી સ્પોર્ટસના પ્રમાણપત્ર આધારિત નિમણૂંક પામેલ કુલ ૧૦૨ ઉમેદવારોએ રજૂ કરેલ વિગતો અને પુરાવાની ચકાસણી કરેલ છે. પ્રથમ દ્રષ્ટિએ સમિતિના તારણ મુજબ આ સ્પોર્ટસના પ્રમાણપત્રો નોકરી મેળવવા ખાતર જ બોગસ પ્રમાણપત્રો લાવી રજૂ કરેલ હોવાનું જણાય છે. જેની ભરતી સમયે યોગ્ય રીતે નિયમોનુસાર અધિકૃત અધિકારી મારફત ચકાસણી કરાવેલ નથી.

કુલ ૧૦૨ વિદ્યાસહાયકો પૈકી પસંદગી યાદીમાંથી નિમણુંક પામેલ ૫૧ વિદ્યાસહાયકમાંથી ૯ વિદ્યાસહાયક સંતોષકારક પ્રમાણપત્રો/આધાર પુરાવા રજૂ કરી શકયા છે. આથી બાકીના ૪૨ વિદ્યાસહાયકોની સેવાનો અંત લાવવાનો રહે. જે સમિતિને સોંપાયેલ કાર્યક્ષેત્રમાં દર્શાવવામાં આવેલ નહોતું.

વધુમાં જે ૬૪ વિદ્યાસહાયકોને નિમણૂંક આપવામાં આવેલ હતી તેના મૂળ અરજી પત્રકો/ પ્રમાણપત્રો અને તે સમયે રજૂ કરેલ અન્ય વિગતો અંગેની ફાઈલ/પ્રતિક્ષા યાદી વગેરે કોઈ જ રેકર્ડ ઉપલબ્ધ થયેલ નથી. ફકત વિદ્યાસહાયકને સુનાવણી સમયે બોલાવતાં તેઓએ રજૂ કરેલ માહિતીના આધારે નિર્ણય લેવાનો રહે છે. આ સંદર્ભે નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીની કચેરી, ગાંધીનગર ધ્વારા જે તે સમયે આપવામાં આવેલ સૂચનાઓનો પણ અક્ષરશઃ અમલ થયેલ નથી. આ વિદ્યાસહાયકોને અત્રે રેકર્ડ ઉપલબ્ધ ન હોવા છતાં એકતરફી નિર્ણય લઈ છુટા કરવામાં આવે તો લીટીગેશન થાય તેવી અચૂક સંભાવના રહેલી છે તેમજ છુટા કરવાના હુકમમાં પણ આ અંગેની જરૂરી સ્પષ્ટતા કરવી પડે તે રેકર્ડ ઉપલબ્ધ ન હોઈ સમિતિ એકપક્ષીય રીતે તે અંગેનો નિર્ણય કરી શકે નહિ. દરમિયાનમાં કારણદર્શક નોટીસના અનુસંધાને અને સ્પોર્ટસ પ્રમાણપત્રોની ચકાસણીના અનુસંધાને નામ. હાઈકોર્ટમાં કુલ ૧૨ (બાર) સ્પેશિયલ સીવીલ એપ્લીકેશન દાખલ કરી વચગાળાનો મનાઈ હુકમ મેળવવામાં આવેલ છે. (પરિશિષ્ટ ૨૦)

શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક : પીઆરઈ/૧૧૧૨/૧૩૨૯/ક તા. ૧૯/૧૧/૨૦૧૨ થી ખેડા જિલ્લામાં વિદ્યાસહાયક ભરતી ૨૦૦૮ માં થયેલ અનિયમિતતા બાબતે સમિતિના કાર્યક્ષેત્રમાં વિદ્યાસહાયકોની ભરતીમાં થયેલ ગેરરીતિના સંદર્ભમાં પસંદગી યાદીમાં ન હોવા છતાં જે ઉમેદવારોને પાછળથી નિમણુંક કરવામાં આવેલ છે આવા ઉમેદવારો /વિદ્યાસહાયકોની સેવાઓનો અંત લાવવા નિર્દેશ કરેલ. આ નિર્દેશના આધીન વખતોવખત રેકર્ડની ચકાસણી, સ્પોર્ટસ અને અન્ય આનુસાંગિક પ્રમાણપત્રોની ચકાસણી કરવાની કાર્યવાહી, કારણ દર્શક નોટીસ આપવી અને તે મુજબ ચેકલીસ્ટમાં વિદ્યાસહાયકો ધ્વારા આપેલ વિગતો આધારીત ચકાસણી કરવાની કાર્યવાહી કરવામાં આવેલ.

આવી ગેરરીતિઓ સામાન્ય રીતે એકપક્ષીય થતી નથી. અરજદારોના સહકાર વિના તંત્ર પણ આવી ગેરરીતિઓ આચરી શકે નહી. ગેરલાભ મેળવવા માટે એકપક્ષે આતુરતા અને બીજા પક્ષે સતાનો દુરૂપયોગ થયો હોય તેમ જણાય છે.

| | | |
|---|---|---|
| (કે.એ.મોટા)<br>જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી,<br>ખેડા જિલ્લા પંચાયત, નડીઆદ | નાયબ નિયામક, પ્રાથમિક<br>શિક્ષણ નિયામકશ્રીની કચેરી,<br>ગાંધીનગર | (વાય.પી.રાવલ)<br>ઉપસચિવશ્રી, પ્રાથમિક શિક્ષણ,<br>શિક્ષણ વિભાગ,<br>ગાંધીનગર |

નોંધ:- અમો તા. ૨૩/૧૨/૧૨, ૨૬/૧૨/૧૨, ૨૭/૧૨/૧૨ ના રોજ સુનાવણી સમયે હાજર રહેલા. માટે મા. કમિશ્નરશ્રી (પ્રા.શિ.) ની અનુમતિ મળેલ ન હોવાથી હાજર રહી શકેલ ન હતા.

નાયબ નિયામક (પ્રા.શિ.)
પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રી
ની કચેરી, ગાંધીનગર.

- ૭ -

## આરોપીઓ

### વિકલાંગતાના ખોટા પ્રમાણપત્રો રજૂ કરનાર ઉમેદવારોની યાદી.

| અ.નં | ઉમેદવારનું નામ | સરનામું | જે હોસ્પીટલનું પ્રમાણપત્ર રજૂ થયેલ છે અને ચકાસણી કરનાર સિવિલ સર્જન |
|---|---|---|---|
| ૧ | રાવલ હાર્દિક માણેકલાલ | એ/૬ આસોપાલવ સોસાયટી ખેડતાસિયા રોડ,મહાવીરનગર હિંમતનગર, જિ. સાબરકાંઠા પીન–૩૮૩૦૦૧ મો. નં. ૯૮૭૯૨૪૯૦૩૦ | એસ.એસ. જી. હોસ્પીટલ, વડોદરા |

JAYMIN\PARIPATRA\DOCUMENT

| | | | |
|---|---|---|---|
| ૨ | ગોસાઈ જયદીપગીરી નિરંજનગીરી | મુ.વલભીપુર ભીડભંજન મહાદેવ તા. વલભીપુર, જિ. ભાવનગર પીન. ૩૬૪૩૧૦ મો. નં.૯૯૭૮૫૮૫૦૦૧ | એસ.એસ. જી. હોસ્પીટલ, વડોદરા |
| ૩ | પટેલ દિપિકાબેન અશ્વિનભાઈ | બી/૬, ગોકુલનગર સોસાયટી મુ. ડાકોર તા. ઠાસરા જિ. ખેડા પીન. ૩૮૮૨૨૫ | એસ.એસ. જી. હોસ્પીટલ, વડોદરા |
| ૪ | પટેલ ફેનિલકુમાર રમણભાઈ | હાથીસુખીની ખડકી મુ.પો. કાસોર, તા.સોજિત્રા જિ. આણંદ પીન. ૩૮૮૪૬૦ મો. નં. ૯૯૨૫૦૭૨૮૩૩ | એસ.એસ. જી. હોસ્પીટલ, વડોદરા |
| ૫ | પંડયા નાગદેવકુમાર હસમુખલાલ | મુ. પો. ગાબટ તા. બાયડ જિ. સાબરકાંઠા પીન . ૩૮૩૩૩૫ મો. નં. ૯૯૯૮૪૮૯૬૨૭ | એસ.એસ. જી. હોસ્પીટલ, વડોદરા |
| ૬ | ડાંગી બ્રિજેશકુમાર રમેશભાઈ | મુ.પો. સિંગવાડ તા. લીમખેડા જિ. દાહોદ પીન . ૩૮૯૧૩૦ મો. નં. ૯૯૨૫૯૮૨૯૦૦ | સિવિલ હોસ્પીટલ, અમદાવાદ |
| ૭ | મછાર ચિતરાજકુમાર ચેચાતભાઈ | મુ. સાસોરી, પોસ્ટ– નેનકી તા. ઝાલોદ, જિ દાહોદ પીન. ૩૮૯૧૭૫ મો. નં. ૯૯૨૫૫૦૨૪૭૪ | સિવિલ હોસ્પીટલ, અમદાવાદ |
| ૮ | પરમાર અનિલકુમાર જોખ્નાભાઈ | મુ. પિપલીયા, પો. ચાપરવાડ તા. લીમખેડા જિ. દાહોદ પીન. ૩૮૯૧૩૦ મો. નં. ૯૭૩૭૯૪૩૩૬૬ | સિવિલ હોસ્પીટલ, અમદાવાદ |
| ૯ | સંગાડા અલ્પેશભાઈ મોહનભાઈ | મુ.પો. સિંગવાડ તા. લીમખેડા જિ. દાહોદ પીન. ૩૮૯૧૩૦ મો. નં. ૯૯૦૯૧૫૩૬૭૬ | સિવિલ હોસ્પીટલ, અમદાવાદ |
| ૧૦ | મકવાણા વિપુલકુમાર અર્જુનસિંહ | યોગેશ્વર સોસાયટી નેશનલ હાઈવે નં.૮ નજીક મુ.પો. પ્રાંતિજ જિ. સાબરકાંઠા પીન. ૩૮૩૨૦૫ મો. નં. ૯૪૨૭૩૬૯૩૨૬ | સિવિલ હોસ્પીટલ, અમદાવાદ |
| ૧૧ | ઝાલા મહેશભાઈ ભીખાભાઈ | મુ.દાંતા, પો. લાકડીપોયડા તા. લુણાવડા જિ. પંચમહાલ પીન. ૩૮૮૨૭૦ મો. નં. ૯૮૨૪૦૮૧૭૫૧ | સિવિલ હોસ્પીટલ, અમદાવાદ |
| ૧૨ | સોલંકી રાજદીપસિંહ માનસિંહ | મુ. બળિયાદેવ, પો. નવાગામ તા. બાલાસિનોર જિ. ખેડા પીન . ૩૮૮૨૫૫ મો. નં.૯૭૧૪૩૮૩૮૧૭ | સિવિલ હોસ્પીટલ, અમદાવાદ |

JAYMIN\PARIPATRA\DOCUMENT

પરિશિષ્ટ-૨

(60)

14

| | | | |
|---|---|---|---|
| ૧૩ | પંડયા હિરેનકુમાર રમણલાલ | મુ. પો. ડેભારી તા. વીરપુર જિ. ખેડા પીન. ૩૮૮૨૬૦ મો. નં.૯૭૧૨૫૧૫૯૯૯ | જનરલ હોસ્પીટલ, સોલા, અમદાવાદ |
| ૧૪ | પટેલ પંકજકુમાર પશાભાઈ | મુ.પો. જાવનપુરા તા. તલોદ જિ. સાબરકાંઠા પીન . ૩૮૩૨૧૫ મો.નં . ૯૪૨૮૫૫૪૭૮૫ | જનરલ હોસ્પટીલ, સોલા, અમદાવાદ |
| ૧૫ | સોની ગુલાબહુસેન ઉસ્માનભાઈ | રામનગર સોસાયટી ગોપાળ સિનેમા પાછળ અલીપુરા મુ. બોડેલી તા.સંખેડા જિ. વડોદરા પીન . ૩૯૧૧૩૫ મો. નં. ૯૮૭૯૮૪૩૨૧૨ | સિવિલ હોસ્પીટલ, અમદાવાદ |
| ૧૬ | ત્રિવેદી શૈલેષકુમાર અંબાલાલ | મુ.પો. કુંભારવાડી તા. વીરપુર જિ. ખેડા પીન. ૩૮૮૨૬૦ મો. નં. ૯૯૭૯૨૭૪૪૫૮ | સિવિલ હોસ્પીટલ, અમદાવાદ |
| ૧૭ | પારેખ પાર્થિકકુમાર સોમાભાઈ | બી/૯૦ ક્રિષ્નાપાર્ક પાર્ક સોસાયટી ડભોઈ દસલાડ ભવન નજીક વાઘોડિયા રોડ, વડોદરા તા. વડોદરા જિ. વડોદરા પીન. ૩૯૦૦૧૯ મો. નં. ૯૯૭૪૮૨૦૭૫૭ | સિવિલ હોસ્પીટલ, અમદાવાદ |
| ૧૮ | પટેલ યાજ્ઞિકકુમાર રતિલાલ | મુ. પો. સિકા તા. ધનસુરા જિ. સાબરકાંઠા પીન ૩૮૩૩૧૦ મો. નં. ૯૫૮૬૩૧૮૬૮૩ | સિવિલ હોસ્પીટલ, અમદાવાદ |
| ૧૯ | મહેતા શિરીનકુમાર દીલીપકુમાર | મુ.પો. જાબુગામ કુંભારવાડાનાકા તા. પાદરા જિ. વડોદરા પીન. ૩૯૧૧૫૫ મો. નં. ૯૯૭૯૨૩૩૩૮૧ | સિવિલ હોસ્પીટલ, અમદાવાદ |
| ૨૦ | વણકર ભાવનાબેન કાનાભાઈ | મુ. પો. વિરાણીયા તા. લુણાવાડા તા. લુણાવાડા જિ. પંચમહાલ પીન. ૩૮૯૨૩૦ મો. નં. ૯૭૩૭૦૬૮૫૪૨ | જનરલ હોસ્પીટલ, નડિયાદ |
| ૨૧ | પટેલ બિજલબેન ધીરજલાલ | ૮૮/એ, દેવભૂમિ સોસાયટી શામળાજી રોડ, મોડાસા તા. મોડાસા જિ. સાબરકાંઠા પીન. ૩૮૩૩૧૫ મો. નં. ૯૪૨૯૧૭૮૫૪૬ | જનરલ હોસ્પીટલ, પાલનપુર |

<u>વિષય:-</u> આરોપીઓ સામે ઈ.પી.કોડની કલમ ૧૯૩, ૧૯૮,૪૦૬, ૪૨૦, ૪૬૫, ૪૬૮, અને ૪૭૧ તેમજ લાગુ પડતી જોગવાઈઓ અન્વયે ગુન્હાઓ આચરવા બાબતની ફરીયાદ

JAYMIN\PARIPATRA\DOCUMENT

પાર્ટ.૩

15

(S1)

મહે.સાહેબ

અમો ફરીયાદી ગુજરાત રાજયની પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીની કચેરીમાં વર્ગ–૧નાં અધિકારી તરીકે નાયબ પ્રાથમિક શિક્ષણ નિયામકના હોદ્દા ઉપર અમારી ફરજો બજાવીએ છીએ. અમારુ કામ સમગ્ર રાજયની જિલ્લા પ્રાથમિક શિક્ષણ સમિતિ હસ્તકની પ્રાથમિક શાળાઓ તેમજ નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની પ્રાથમિક શાળાઓની કામગીરી દેખરેખ, વહીવટ નિયંત્રણ અને ગુણવતા સુધારણાનું કાર્ય પણ કરવાનું છે.

આ ઉપરાંત ગુજરાત સરકાર, શિક્ષણ વિભાગનાં તા.૨૫/૫/૨૦૧૦નાં ઠરાવથી રચાયેલી પ્રાથમિક શાળાઓમાં વિદ્યાસહાયકોની ભરતી કરવા કેન્દ્રીયકૃત રાજયકક્ષાની પસંદગી સમિતિમાં અમો હોદ્દાની રૂએ સભ્ય સચિવ છીએ અને પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રી આ સમિતિનાં અધ્યક્ષશ્રી છે. અધ્યક્ષશ્રી, ગુજરાત રાજય પ્રાથમિક શિક્ષણ પસંદગી સમિતિનાં તારીખ ૨૬/૭/૧૦ના હુકમથી મળેલી સુચના અનુસાર અમોને મળેલ સતાની રૂએ હાલની આ ફરીયાદ આરોપીઓ સામે કરીએ છીએ.

આ કામે અમારી ફરીયાદની હકીકત એવી છે કે, શિક્ષણ વિભાગનાં તા.૧૫/૪/૨૦૧૦ અને તા.૨૫/૫/૨૦૧૦નાં ઠરાવથી સમગ્ર રાજયની જિલ્લા પ્રાથમિક શાળાઓમાં (ધોરણ–૬ થી ૮ ) ગણિત–વિજ્ઞાન વિષય અને અંગ્રેજી વિષયના તાલીમી શિક્ષકોની વિદ્યાસહાયકોની ભરતી કરવાની થતાં અધ્યક્ષશ્રી, ગુજરાત રાજય પ્રાથમિક શિક્ષણ પસંદગી સમિતિ અને પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રી, ગાંધીનગરનાએ દૈનિક વર્તમાન પત્રોમાં તા.૨૮/૫/૧૦ના રોજ જાહેરાત આપી ગણિત/વિજ્ઞાન અને અંગ્રેજી વિષયનાં તાલીમી લાયકાત ધરાવતાં ઉમેદવારો પાસેથી તા.૨૮/૫/૧૦ થી ૦૬/૦૬/૧૦ સુધીનાં સમયગાળામાં વેબસાઈટ દ્વારા ઓન લાઈન અરજીઓ મંગાવવામાં આવેલ હતી. તેમાં સરકારશ્રીનાં ધારાધોરણ મુજબ વિકલાંગતાં ધરાવતાં ઉમેદવારો પણ ઓન લાઈન અરજી

કરી શકશે તેવું જણાવેલ હતું તે મુજબ આ ઉમેદવારોની અરજીઓ પણ ઓન લાઈન મળેલ હતી.

આ કામના આરોપીઓએ વિકલાંગ અનામત કેટેગરીમાં મુક–બધીરનું ઉપર જણાવેલ સીવીલ હોસ્પીટલોનું ડૉકટરી પ્રમાણપત્ર (સર્ટીફીકેટ) રજૂ કરી ઉમેદવારી નોંધાવેલી હતી.

ઓન લાઈન અરજીઓ મેળવાનો સમયગાળો પુરો થયા પછી ઉમેદવારોને તા.૧૯/૬/૨૦૧૦ના રોજ દૈનિકપત્રમા જાહેરાતના આપીને કોલ લેટર મેળવી લેવા જણાવેલ હતું.

તે મુજબ આ કામનાં આરોપીઓ ઓન લાઈન કોલ લેટર મેળવીને તા.૨૧/૬/૧૦નાં રોજ જિલ્લાની પસંદગી કરવા માટે રાજય પસંદગી સમિતિ ગાંધીનગર સમક્ષ કેન્દ્રીયકૃત વિદ્યાસહાયક ભરતી,પી.ટી.સી પ્રવેશ કાર્યાલય, સેકટર–૧૯ ખાતે હાજર રહયાં હતા અને જિલ્લાની પસંદગી દરમ્યાન આ કામના આરોપીઓ ધ્વારા રજૂ થયેલાં પ્રમાણપત્રો પ્રથમ દૃષ્ટિએ ચકાસણી દરમ્યાન ખોટા હોવાની શંકા થતાં પ્રમાણપત્રોનું વેરીફીકેશન કરાવવા માટે સંબંધિત સીવીલ હોસ્પીટલમાં મોકલવવામાં આવેલ હતાં.સીવીલ હોસ્પીટલ ખાતેથી વેરીફીકેશન થઈ આવતાં તેઓએ એવો રીપાર્ટ આપેલ કે વાદગ્રસ્ત પ્રમાણપત્ર અત્રેની હોસ્પીટલમાંથી ઈશ્યુ કરવામાં આવેલ નથી. એટલે વાદગ્રસ્ત મુક–બધીરનું પ્રમાણપત્ર ખોટું અને બોગસ પ્રમાણપત્ર હોવાનું ખુલવા પામેલ છે.

ઉપરોક્ત સીવીલ સર્જનનો વેરીફીકેશન રીપોર્ટ ધ્યાને લેતાં આ કામના આરોપીઓએ વિદ્યાસહાયકની નોકરી મેળવવાનાં બદ ઈરાદે સીવીલ સર્જનનું ખોટું પ્રમાણપત્ર ભરતીની ઓન લાઈન કાર્યવાહીમાં રજૂ કરી આ કામના આરોપીઓએ વાદગ્રસ્ત પ્રમાણપત્રો ખોટા હોવાનું જાણવા છતાં તેવા પ્રમાણપત્રોનો સાચા તરીકે ઉપયોગ કરી ગુજરાત સરકારનાં શિક્ષણ વિભાગ સાથે વિશ્વાસઘાત તેમજ ઠગાઈ કરવાના

ઈરાદાથી ખોટા અને બોગસ દસ્તાવેજો બનાવી અને તે દસ્તાવેજો બનાવટી અને ખોટા હોવાનું જાણવા છતાં તેનો ખરા તરીકે ઉપયોગ કરી સરકારનાં શિક્ષણ વિભાગ સાથે વિશ્વાસઘાત અને છેતરપીડી કરેલ છે. ખોટા વિકલાંગતાના પ્રમાણપત્રો રજૂ કરીને, નોકરી મેળવવા માટેનો પ્રયાસ કરેલ છે.

આમ કરીને આ કામના આરોપીઓએ ભારતીય ફોજદારી ધારાની કલમ **૧૯૩, ૧૯૮,૪૦૬, ૪૨૦, ૪૬૫, ૪૬૮, અને ૪૭૧** તેમજ તે અન્વયે જરૂરી લાગુ પડતી અન્ય કલમો અનુસારના ગુન્હાઓ આચરેલ છે.

સદર વાદગ્રસ્ત પ્રમાણપત્રોમાંથી સહી અને સીવીલ સર્જનના ડોકટરના સહી ના નમૂના મેળવી તે સહીના નમૂના રાજયની માન્ય ફોરેન્સીક સાયન્સ લેબોરેટરી (એફ.એસ.એલ.) ગાંધીનગરના હસ્તાક્ષર નિષ્ણાંત સમક્ષ રજૂ કરી તેનો રીપોર્ટ મેળવી આ કામના આરોપીઓ સામે ગુનો દાખલ કરી એફ.આઈ.આરની નકલ અમો ને પુરી પાડવા મહેરબાની કરશોજી.

**<u>આ કામના અમારી ફરીયાદ સાબીત કરવા નીચે મુજબના સાક્ષી પુરાવા છે.</u>**

**<u>૧.</u>** અમો ફરીયાદી પોતે

**<u>૨.</u>** સીવીલ હોસ્પીટલનાં સીવીલ સર્જન/આર.એમ.ઓના પ્રમાણપત્રો

**<u>૩.</u>** આ કામ સાથે જોડેયેલાં સહાયક શ્રી .એમ.એમ.જાની, શ્રેયાન અધિક્ષકશ્રી, પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીની કચેરી, ગાંધીનગર.

**<u>૪.</u>** સંબંધિત દફતર સંભાળનાર શ્રી જી.કે.પરમાર, હેડકલાર્ક પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીની કચેરી, ગાંધીનગર.

**<u>૫.</u>** આપની તપાસ દરમ્યાન મળી આવે તે અન્ય તમામ સાક્ષી પુરાવાઓ.

(S4)

<u>આ કામનાં દસ્તાવેજો પુરાવાઓઃ</u>

<u>૧.</u> વિદ્યાસહાયક ભરતી માટેની દૈનિકપત્ર તા.૨૮/૫/૧૦ના રોજ પ્રસિધ્ધ થયેલ જાહેરાત

<u>૨.</u> આ કામનાં આરોપીઓની ઓનલાઈન કરેલી અરજીઓની પ્રમાણિત ઝેરોક્ષ નકલો તથા આરોપીઓએ રજૂ કરેલા બોગસ ખોટાં મુક–બધીરનાં પ્રમાણપત્રોની પ્રમાણિત ઝેરોક્ષ નકલો.

<u>૩.</u> સીવીલ હોસ્પીટલનાં સીવીલ સર્જન શ્રી તરફથી આપેલાં વેરીફીકેશન રીપોર્ટ.

સ્થળઃગાંધીનગર

તારીખઃ૨૬/૦૭/૨૦૧૦

૨૬/૭/૧૦

ફરીયાદીની સહી

સભ્ય સચિવ

ગુજરાત રાજય પ્રાથમિક શિક્ષણ પસંદગી સમિતિ

અને

નાયબ શિક્ષણ નિયામક (પ્રાથમિક શિક્ષણ)

ગુ.રા. ગાંધીનગર.

માનનીય ન્યાયાધીશશ્રીનાં ધ્યાનાર્થે સારૂ

૨૬/૭/૧૦

JAYMIN\PARIPATRA\DOCUMENT

શ્રી શક્તિસિંહ ગોહિલ(ક્રમશઃ): માનનીય અધ્યક્ષશ્રી, તે નર્મદાના દરવાજા ચડ્યાની વાત કરે છે ત્યારે મારે કહેવું જોઇએ કે ત્રણ વર્ષ પછી એકપણ દરવાજો ચડયો નથી અને દરવાજાની મંજૂરી આપી છે તે ખુલ્લા રાખવા માટે આપી છે. દરવાજા બંધ કરવાની મંજૂરી તમને નથી મળી. જે પરમિશન આપવામાં આવી છે તેમાં આપે પોતે જવાબમાં સ્વીકાર્યું છે...

અધ્યક્ષશ્રી : બે મિનિટ બાકી છે.

શ્રી શક્તિસિંહજી હ. ગોહિલ : હાજી, આપે પોતે સ્વીકાર્યું છે કે આ પરમિશન કોઇ સરકારે નથી આપી પણ નર્મદા કંટ્રોલ ઓથોરિટીએ આપી છે. જે ઇન્ડીપેન્ડન્ટ ઓથોરિટી છે અને એટલા માટે જ મંજૂરી મળી છે. આપે જ મંજૂરી આપવાની હોય તો લઇ આવો મંજૂરી કે દરવાજા બંધ કરવાની મંજૂરી આપી છે. તમને મંજૂરી મળી ગઇ અને ત્રણ વર્ષ સુધી તમે દરવાજા બંધ કરી શકતા ન હોવ તો આ અધોગતિ કહેવાય, ગતિશીલતા ન કહેવાય તે મારે કહેવું છે. અરે સાહેબ, અમારી સરકાર હતી સ્લુઇઝ ગેટ બંધ કરવાના હતા, ધસમસતો પાણીનો પ્રવાહ હતો ત્યારે માત્ર થોડા દિવસો મળ્યા તો બોમ્બે હાઇમાંથી મરજીવા લાવીને તે સ્લુઇઝ ગેટ બંધ કર્યા. ત્રણ મરજીવાઓ શહીદ થયા પણ નર્મદાનું કામ પૂરું કરીને બતાવ્યું તે કોંગ્રેસની સરકાર હતી. તમે ત્રણ વર્ષ સુધી દરવાજા બંધ કરી શકતા નથી. કેનાલનું કામ કરવાનું હતું ત્યારે પાણીના દર્શન થાય, પ્રદર્શન થાય અને ખેડૂતના ખેતર સુધી પાણી ન પહોંચી શકે કારણકે ૩૮ હજાર કિલોમિટરની સબમાઇનોર, માઇનોર, ફીલ્ડ ચેનલ આ સરકાર બાવીસ વર્ષ સુધી બનાવી શકી નથી તે વાસ્તવિકતા છે.

માનનીય અધ્યક્ષશ્રી, આતંકવાદ સામે લડવાની આપણા સૌની ખેવના હોય. આતંકવાદ તે કોઇ એક વ્યક્તિનો દુશ્મન નથી. આતંકવાદ તે માનવતાનો દુશ્મન છે. તે સંજોગોમાં આતંકવાદના નામે આપણી વોટબેંક મજબૂત થઇ જાય, કંઇક થાય તો આપણને ફાયદો થઇ જાય આ વાતમાંથી આપણે બહાર નીકળવું પડશે. આ આતંકવાદ સામે લડવા માટે મારા પક્ષના નેતાઓ તો શહીદ થયા હોય લડતા લડતા પણ આ પક્ષના કોઇ શહીદ તો નથી થયા. કેટલાક બીજા નિર્દોષને કરાવ્યા હોય. તેમાં પછી અક્ષરધામ હોય તો પણ ભલે અને હરેન પંડ્યા હોય તો પણ ભલે.

અધ્યક્ષશ્રી : પૂરું કરો આપ.

શ્રી શક્તિસિંહજી હ. ગોહિલ : આઇસીસના લોકો મધ્યપ્રદેશમાં કઇ પોલિટીકલ પાર્ટીના નેતાઓ સાથે જોવા મળ્યા છે તેના મૂળમાં પણ તમારે જઇને જોવું પડશે કે આઇસીસના લોકો કયાં જોવા મળ્યા છે? છતાં અમે તેમાં પોલિટીકસ કરવા માગતા નથી. આતંકવાદ સામે નિષ્ઠા અને પ્રમાણિકતાથી લડો અમારો સો એ સો ટકા તમને સાથ રહેશે. આતંકવાદ સામે લડતા મારે કહેવું પડે કે, હાજીપીરના એ મુંજાવર મુસ્લિમ બિરાદર એમને ખબર પડે કે આ શંકાસ્પદ માણસ છે અને એકે.૪૭ તેના પાસે દેખાય તેવું લાગે છે. પોલીસને ઇન્ફોર્મરથી જાણ

UNEDITED VERSION - NOT FOR PUBLICATION

(૪) કરી અને આતંકવાદીને પકડાવનાર તે મુસ્લિમ બિરાદર હાજીપીરના મુંજાવર હતા. અહીંયાં હિન્દુ મુસ્લિમ નથી. આ દેશમાં મુસલમાન પણ વતનને વફાદાર છે. આ દેશનો હિન્દુ પણ વતનને વફાદાર છે. આ દેશના અંદર આપણે એકતા અને પ્રેમ રાખીને નહીં લડી શકીએ અને તેમાં પણ વોટબેંકનું પોલિટીકસ કરીશું તો કદાચ રામનો મરે કે રહીમનો મરે પણ અમારી વોટબેંકનું તરભાણું ભરે તે નીતિથી દેશનું હિત નહીં થાય. ગુજરાતમાં કદાચ તમને થોડુંઘણું લાગતું હોય તો પણ અને શેના માટે ગૌરવ કરીએ. અહીં તો હાર અને જીત જનતા નકકી કરતી હોય છે. હું હાર્યો અને પ્રજાના આશિર્વાદ હતા તો કચ્છમાંથી જીતીને તમારી સામે આવ્યો. મારી સામે આપના પ્રદેશ પ્રમુખ જીતુભાઇ વાઘાણી હારી ગયા હતા તો મારે અહંકાર ન કરાય. જનતાએ મને આશિર્વાદ આપ્યા અને તેમને હરાવ્યા. આત્મારામભાઇ સામે પ્રવિણભાઇ  મારુ જીતી ગયા હતા. આત્મારામભાઇ હારી ગયા હતા તો તેમાં મારે કે મારા પ્રવિણભાઇએ ગૌરવ ન લેવાય. જનતા આશિર્વાદ આપે અને કયારેક મોકલે કયારેક ન મોકલે. આમાં અહંકારની વાત નથી. નીતિનભાઇ પટેલ સામે અમારા બળદેવજી જીતી ગયા હતા અને નીતિનભાઇ હારી ગયા હતા.  આ હાર જીતને સ્પોર્ટસમેન સ્પિરીટથી લેતા શીખો. જનતા છે આશિર્વાદ પણ આપે. માનનીય અધ્યક્ષશ્રી આ વાત સાથે મારા આ મુદ્દા અહીં પૂર્ણ કરું છું.

PUBLICATION